ગુજરાત સમાચાર
૦૫-૦૭-૨૦૧૪

મુંબઈ, શનિવાર તા.૫ જુલાઈ ૨૦૧૪

# નાલાસોપારામાં જૈન કુટુંબની બ્રેઈન ડેડ મહિલાના પાંચ અવયવોનું દાન કરાયું

## ઓર્ગન ડોનેશન બાબતે સરકારી એજન્સીઓમાં જાણકારી અને સમન્વયનો અભાવ દૂર કરવા અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૪ નાલાસોપારા (પૂર્વ)ના રહેવાસી જૈન પરિવારનાં ૩૯ વર્ષીય મહિલાને મીરા રોડની ઉમરાવ હોસ્પિટલમાં બ્રેઈન ડેડ જાહેર કરાયા પછી મૃતક મહિલાના પતિએ પત્નીને બે આંખો, બે કિડની અને લીવર અન્ય દર્દીઓના લાભાર્થે દાન કર્યા હતા. જો કે આ અવયવ દાનની પ્રક્રિયામાં પોલીસ તંત્ર તેમ જ અન્ય તંત્રોમાં કાનૂની વિધિઓની જાણકારી અને સમન્વયના અભાવને કારણે અંગો મૃતદેહમાંથી કાઢવાની કાર્યવાહીમાં વિલંબ અંગે મૃતકના પરિવારે ખેદ વ્યક્ત કર્યો હતો.

વસઈ ખાતે નોકરી કરતા મૃતક મહિલાના પતિએ અવયવદાન કર્યા અંગે પ્રસિદ્ધિની ખેવના નહીં હોવાનું જણાવતાં પોતાનું નામ પ્રકાશિત નહિં કરવાની વિનંતી કરી હતી. તેમણે તેમના પત્નીને વસઈની હોસ્પિટલમાં ન્યુરોલોજિસ્ટ ઉપલબ્ધ નહીં હોવાથી ઉમરાવ હોસ્પિટલમાં લઈ જવા પડયા હતા. પક્ષાઘાતનો હુમલો થયા બાદ એ મહિલાને શુક્રવારે વસઈની હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. રવિવારે સવારે તેમણે પૂરેપૂરું ભાન ગુમાવ્યું હોવાની ખાતાર થઈ હતી. શનિવારની રાતથી લગભગ હલનચલન બંધ થયું હોવાનું મૃતકના પતિએ નોંધ્યું હતું બે વખત સીટીસ્કેન કર્યા બાદ બોમ્બે હોસ્પિટલના ન્યૂરોલોજિસ્ટને સંપર્ક કરાયો અને તેમણે તપાસ્યા બાદ શસ્ત્રક્રિયા સહિતના વિકલ્પો તપાસ્યા, અજમાવ્યા બાદ દર્દી જીવતા થવાની શક્યતા નકારી હતી. મંગળવારે સવારે તેમને બ્રેઈન ડેડ નિર્ધારિત કરાયા બાદ મૃતકના પતિએ ઝોનલ ટ્રાન્સપ્લાન્ટ કો ઓર્ડિનેશન કમિટીનો સંપર્ક કર્યો હતો. તેમણે કમિટીના પ્રતિનિધિઓ પ્રકાશ શિંદે અને શેરોન ઉપરાંત ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ તેમ જ જસલોક હોસ્પિટલ, બોમ્બે હોસ્પિટલ અને કે.ઈ.એમ. હોસ્પિટલના નિષ્ણાત તબીબોનો આભાર માનતાં જણાવ્યું હતું કે "બાવીસ વર્ષ પૂર્વે

(અનુસંધાન ૮મા પાને)

## નાલાસોપારામાં જૈન

(ત્રીજા પાનાનું ચાલું)

મેં જેમની સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેમના પાંચ અંગો વડે પાંચ વ્યક્તિઓને જીવતદાન મળ્યાનો અને આનંદ છે. પરંતુ આજે અવયવદાન વિશે આટલો બધો પ્રચાર કરાઈ રહ્યો છે ત્યારે મારે પંચનામા અને એન.ઓ.સી. માટે મીરારોડ પોલીસ સ્ટેશન અને નાલાસોપારા પોલીસ સ્ટેશન વચ્ચે ધક્કા ખાવા પડે અને અવયવદાન કરવાનો નિર્ણય મંગળવારે સવારે લીધા પછી છેક બુધવારે સવારે અવયવો મેળવવાની વિધિ કરાય, એ બિનજરૂરી પરેશાની ગણાય. આ બાબત પોલીસ તેમ જ અન્ય સરકારી એજન્સીઓને આ કાર્યવાહીના કાયદા તથા અન્ય વિધિઓ અંગે પૂરી જાણકારી નહીં અપાયાનો પુરાવો છે. અવયવદાનના સત્કાર્ય માટે તૈયાર થનારા લોકોને આ માથાકૂટમાંથી મુક્તિ અપાય એવી હું સરકાર પાસે આશા રાખું છું.